# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., મુવાલિયા ફાર્મ, દાહોદ ખાતે

# ૩૦મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઇ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દાહોદ ખાતે તા. ૨૪/૦૧/૨૦૧૮ ના રોજ માનનીય કુલપતિશ્રી, ડૉ. એન. સી. પટેલ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના અધ્યક્ષ સ્થાને ૩૦મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઇ. આ બેઠકમાં વિશિષ્ટ આમંત્રિત સભ્યશ્રી ડૉ. કે. બી. કથીરીયા, સંશોધન નિયામકશ્રી અને ડૉ. અરુણભાઇ પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ સભ્ય તરીકે હાજર રહ્યા હતા. સદરહુ બેઠકની સમિતિના અન્ય સભ્યોમાં શ્રી એમ. પી. બગડા, જીલ્લા ખેતીવાડી અધિકારી, દાહોદ, શ્રી એન. વી. રાઠવા, પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, આત્મા પ્રોજેક્ટ, દાહોદ, ડૉ. કે. એલ. ગોસાઇ, ઇ.ચા. નાયબ પશુપાલન નિયામકશ્રી, દાહોદ, ડૉ. એ. કે. સિંઘ, પ્રિન્સીપલ સાયન્ટીસ્ટ, કેન્દ્રિય બાગાયત પ્રાયોગિક કેન્દ્ર, વેજલપુર, ડૉ. એમ. બી. પટેલ, સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આકૃયુ, ગોધરા, શ્રી આર. એમ. પાંડે, પ્રતિનિધિ, નાયબ બાગાયત નિયામકશ્રી, દાહોદ તેમજ આમંત્રિત સભ્ય તરીકે ડૉ. બી. કે. યદુવંશી, ઇ.ચા. આચાર્ય, કૃષિ ઇજનેરી પોલીટેકનિક અને ડૉ. વાય. વી. ચૌહાણ, ઇ.ચા. સંશોધન વૈજ્ઞાનિક, હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર, આકૃયુ, દાહોદ તથા પ્રગતીશીલ ખેડુત શ્રી રાયસિંગભાઇ માવસિંગભાઇ સોલંકી અને કે.વિ.કે., આ.કૃ.યુ., દાહોદ કેન્દ્રના વૈજ્ઞાનિકશ્રીઓ ડૉ. એસ. કે. પટેલ, વૈજ્ઞાનિક (કૃષિ ઇજનેરી), ડૉ. આર. રાધા રાની, વૈજ્ઞાનિક (પશુ વિજ્ઞાન), પ્રો. એચ. એલ. કાચા, વૈજ્ઞાનિક (બાગાયત), પ્રો. જી. કે. ભાભોર, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ) અને પ્રો. એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન) હાજર રહ્યા હતા.

આ બેઠકમાં કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, ડૉ. યુ. એમ. પટેલે સપ્ટેમ્બર-૨૦૧૬ થી ડિસેમ્બર-૨૦૧૭ દરમ્યાન કેન્દ્ર દ્વારા હાથ ધરવામાં આવેલ કામગીરીની વિગતવાર માહિતી આપેલ જેની વૈજ્ઞાનિક સલાહકાર સમિતિના તમામ સભ્યો દ્વારા પ્રસંશા કરવામાં આવી હતી. ત્યાર બાદ કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, ડૉ. યુ. એમ. પટેલે આગામી વર્ષ ૨૦૧૭-૧૮ નુ આયોજન સમિતિ સમક્ષ રજુ કર્યુ હતુ. જેમાં માન. કુલપતિશ્રી અને સમિતિના સભ્યોએ મુલ્યવાન સુચનો

કરીને કૃષિની વિવિધ તાંત્રિકતાઓના વધુ પ્રચાર પ્રસાર થાય તે બાબતો પર ખાસ ભાર મુક્યો હતો.

બેઠકના અંતે માન. કુલપતિશ્રીએ ફાર્મના કુલ વાવેતર વિસ્તારને સુક્ષ્મ પિયત પધ્ધતિ હેઠળ આવરી લેવા સુચન કર્યુ હતુ તથા સંશોધન નિયામકશ્રીએ નવી સંશોધિત તાંત્રિકતાઓ ખેડુતો સુધી પહોંચે તે અંગે સદર તાંત્રિકતાનો વધુ પ્રચાર પ્રસાર થાય તે માટે વૈજ્ઞાનિકોને સુચવ્યુ અને વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ કેન્દ્ર ખાતે વધુ જીવંત એકમો તૈયાર કરી ખેડુતોને પ્રત્યક્ષ બતાવવા માટેનુ સુચન કરેલ. બેઠકના અંતે પ્રો. એચ. એલ. કાચા, વૈજ્ઞાનિક (બાગાયત)એ માન. અધ્યક્ષશ્રીની અનુમતીથી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિના તમામ હાજર સભ્યોનો આભાર માની બેઠકને પુર્ણ જાહેર કરવામાં આવેલ હતી.























